PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮/110 તારીખ: 24/07/2018

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,

શ્રી રવજી બચા આહિર,

માંધવ નગર,

ગામ: માંડવી,

તા.: માંડવી,

જી.કચ્છ

વિષય :– કેસ નંબર પીજી ૦૧/૦૦૮/૨૦૧૮-૧૯

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૮/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માંડવી શહેર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 110 તારીખ: 24/07/2018

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ No.PG-001-008-2018-19.

અરજદાર: શ્રી રવજી બચા આહિર,
ગામ: માંડવી જી.કચ્છ

રજૂઆત કરનાર: શ્રી રવજી બચા આહિર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
રજૂઆત કરનાર: (૧) શ્રી એ.એસ.ગુરવા, કા.ઇ., પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી
(૨) શ્રીમતી ટી.આર.મકવાણા,ના.ઈ.,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,માંડવી શહેર

## :: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
3) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૦૬.૦૭.૨૦૧૮



Scanned by CamScanner

## :: અરજદારની રજુઆત ::

૧.0 અરજદાર શ્રી રવજી બચા આહિર ગામ:- માંડવી જિ.-કચ્છ દ્વારા વીજબીલ મોડું આપવા બાબત ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી રવજી બચા આહિરનું ઘર વપરાશનું કનેક્શન માંડવી શહેર પેટા વિભાગીય કચેરીમાં આવેલ છે. જેના ગ્રાહક નંબર ૩૯૧૦૫/૦૦૧૧૩/૭ છે.

૧.3 અરજદારશ્રી રવજી બચા આહિરને પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી માંડવી શહેર દ્વારા માર્ચ મહિનામાં તા.૨૧/૦૩/૨૦૧૮ના રૂ.૯૯૬/- લેખે બીલ આપવામાં આવેલ.

૧.૪ અરજદારશ્રી રવજી બચા આહિર દ્વારા માર્ચ મહિનામાં આપવામાં આવેલ બીલ રૂ. ૯૯૬/- ભરપાઈ કરેલ.

૧.૫ અરજદારશ્રી રવજી બચા આહિરને માર્ચ મહિના પછી ત્રણ મહિના પૂર્ણ થઈ ગયા બાદ બીલ આપવામાં આવેલ, જે બીલની રકમ રૂ. ૨૮૮૬/- જે ત્રણ મહિના એપ્રિલ, મે અને જૂનનું છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજુઆત ::

૨.0 સુનાવણી સમયે સામાવાળા શ્રી એ. એસ. ગુરવા, કા.ઈ., પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, માંડવી તેમજ શ્રીમતી ટી.આર.મકવાણા, ના.ઈ., પી.જી.વી.સી.એલ.,પેટાવિભાગીય કચેરી, માંડવી શહેર, રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદારશ્રી રવજી બચા આહિરનું ઘર વપરાશનું કનેક્શન માંડવી શહેરમાં આવેલ. જેના ગ્રાહક નંબર-૩૯૧૦૫/૦૦૧૧૩/૭ છે.

૨.૨ અરજદારશ્રી રવજી બચા આહિરના કનેક્શનનું એપ્રિલ-મે બીલ્ડ ઈન જૂન-૨૦૧૮નું બીલ ૨૧/૫/૨૦૧૮ના રોજ મળવું જોઈએ. જે તેઓશ્રીને તા.૧૯/૦૬/૨૦૧૮ના રોજ મળેલ છે.

૨.3 હાલે માંડવી શહેર પેટા વિભાગીય કચેરીમાં તમામ જુની.આસી.(વિદ્યુત સહાયક મીટર રીડર) છેલ્લા છ માસથી જ નિયુક્ત થયેલ છે અને તેઓ માંડવી શહેરના એરિયાઓથી સંપૂર્ણ વાકેફ નથી. આથી ગ્રાહકશ્રીને લાઈટ બીલ આપવામાં વિલંબ થયેલ છે. જે અંગે તેઓશ્રીને આઉટવર્ડ નં. ૪૩ થી તા.૦૮/૦૭/૨૦૧૮ના રોજ ખુલાસો માંગેલ છે.



Scanned by CamScanner

૨.૪ અરજદારશ્રી રવજી બચા આહિરને વીજબીલ ૨૮ દિવસ મોડું મળવાના કારણે તેમને ૮૮ દિવસનું ૪૫૬ યુનિટનું બીલ આપવામાં આવેલ. જે બીલ કંપનીના નિયમ મુજબ બરાબર આપવામાં આવેલ છે.

:: હુકમ ::

૩.૦. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

૩.૧ ફોરમ દ્વારા પી.જી.વી.સી.એલ. તથા ગ્રાહકશ્રીની રજૂઆત સાંભળવામાં આવેલ છે.

૩.૨ મીટર રીડર દ્વારા સંજોગોવસાત બીલ મોડું આપવામાં આવેલ છે. અરજદારને ૮૮ દિવસનું રૂ. ૨૮૮૦/- નું બીલ આપવામાં આવેલ છે. તે પ્રવર્તમાન ટેરીફના છેલ્લા સ્ટેજ (૨૫૦ યુનિટના ઉપરના સ્ટેજમાં) મુજબ આપવામાં આવેલ છે. જે યોગ્ય છે.

3.3 અરજદારશ્રીને ૬૦ દિવસનું બીલીંગ કરવામાં આવે તો ૩૧૧ નું બીલ મતલબ ૬૦ દિવસનું બીલ ગણતરીમાં લેતાં પણ છેલ્લા સ્ટેજ મુજબ જ બીલ મળવાપાત્ર છે. આમ લેઈટ બીલને બદલે સમયસર બીલીંગ થયેલ હોત તો પણ ગ્રાહકના બીલમાં કોઈ પણ ફરક પડતો નથી.

૩.૪ અરજદારશ્રીના બીલમાં ૬૦ દિવસના પ્રપોસનેટ યુનિટ ગણવામાં આવે તો પણ અરજદારના સ્લેબમાં કોઈ ફરક પડતો નથી. આ સંજોગોમાં અરજદારનું એડવાન્સ બીલીંગ થયું છે તેમ માની શકાય. આમ જે વધારાનું બીલીંગ થયેલ છે તે આપોઆપ પછીના બીલમાં યુનિટ ઓછા આવવાથી સરભર થઈ જશે.

૩.૫ આમ, અરજદારશ્રીને આપવામાં આવેલ બીલમાં કોઈપણ ફેરફાર કરવાની જરૂર નથી. આ અરજદારશ્રીનું પછીનું બીલીંગ ૬૦ દિવસમાં થાય તેની ચોકસાઈપૂર્વક સમયસર કાર્યવાહી કરવાની રહેશે. આમ,અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એ.એસ.મંડલિયા<br>મેમ્બર ટેક | એન. એચ. જોષી<br>સ્વતંત્ર મેમ્બર | જે.બી. પારેખ<br>ચેરપર્સન |

PG-001-008-2018-19



Scanned by CamScanner

નોંધઃ

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુ જબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner